દાખલ તારીખ. ૩૧–૦૭–૨૦૨૩
નોંધ્યા તારીખ. ૩૧–૦૭–૨૦૨૩
ફેંસલ તારીખ. ૨૭–૦૩–૨૦૨૬
સમય મર્યાદા વર્ષ માસ દિવસ
૦૨ – ૦૭ – ૨૪

सत्यमेव जयते

**થરાદના મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, કુ. એ.એચ.મુન્દ્રા સાહેબની કોર્ટમાં, મુ. થરાદ.**

**ફોજદારી કેસ નં.૫૫૫/૨૦૨૩**
**આંક–૨૬**

**ફરિયાદીઃ –** **શ્રી સરકાર,**

**–//વિરૂદ્ધ//–**

**આરોપી . :–** **અનિરુધ્ધસિંહ હડમતસિંહ વાઘેલા,**
**રહે., થરાદ રાજગઢી, તા.થરાદ,**

.............

**તહોમત :–** **ઈ.પી.કો.ની કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૬(૨) મુજબ**

.............

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.એમ.ગામીત.**
**આરોપીઓ પક્ષે વિ.વકીલ શ્રી કોઈ નહી.**

.............

**–// જ જ મે ન્ટ //–**

**૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અને સાહેદ સરકારી નોકર હોય અને તેઓ ભારત સંચાર નિગમ લીમીટેડના થરાદ રાજગઢમાં લગાવેલ મોબાઈલ ટાવર રીપેરીંગ કરતા હતા તે વખતે આ કામના તહોમતદાર આવી ગાળા બોલવા લાગી સાહેદ મયુર દરજી તથા

ફરીયાદીને ઝરડા વડે મારી સરકારી કામમાં રૂકાવટ કરી ગુનો કરેલ હોય અને આ અંગેની ફરીયાદીએ થરાદ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપતા, થરાદ પોલીસ સ્ટેશને ગુ.ર.નં. ૧૧૧૯૫૦૫૦૨૨૦૮૨૦/૨૦૨૨ થી ઈ.પી.કો.ની કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૬(૨) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરી આરોપીની અટક કરવામાં આવેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી સામે ચાર્જશીટ કરેલ છે.

**૨)** સદર કામે આરોપી વિરૂદ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપીઓ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ ની જોગવાઈનું પાલન કરી, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપી, તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૧ અન્વયે આરોપીને ગુના અંગે સમજ કરી, આરોપી વિરૂદ્ધ આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી, આરોપીને ગુનાની કબુલાત અંગે પૂછતાં તેઓને ગુનો કબુલ નથી, કેસ આગળ ચલાવવાનો છે તેમ જણાવતાં, આંક–૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરી કેસ આગળની કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

**૩)** આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

૧. આંક–૦૬ થી ફરીયાદી કેતનકુમાર બાબુલાલ પરમારની જુબાની

૨. આંક–૦૯ થી સાહેદ દિનેશભાઈ ચંદુલાલ કુવારીયાની જુબાની

૩. આંક–૧૦ થી સાહેદ મયુર કિર્તીલાલ દરજીની જુબાની

૪. આંક–૧૩ થી સાહેદ કનુજી રણજી ઠાકોરની જુબાની

૫. આંક–૧૭ થી પંચસાહેદ ગીરીશભાઈ જગાભાઈ માજીરાણાની જુબાની

૬. આંક–૧૯ થી પંચસાહેદ સંજયભાઈ રમેશભાઈ માજીરાણાની જુબાની

૭. આંક–૨૩ થી ડોક્ટર સાહેદ વસંતભાઈ સગથાભાઈ ચૌધરીની જુબાની.

૮. આંક–૨૫ થી ત.ક.અ.શ્રી હિતેષકુમાર દાદુભાઈ વાઢેરની જુબાની.

**દસ્તાવેજી પુરાવા**

૧. આંક– ૦૭ થી ફરીયાદ.

૨. આંક–૧૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું

૩. આંક– ૨૪ મેડીકલ સર્ટીફીકેટ.

**૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો બંધ કરવામાં આવેલ છે. આરોપી નાશતા ફરતા હોય અને હાજર રહેતા ન હોય તેમની સામે સી.આર.પી.સી.ની.કલમ– ૨૯૯ અન્વયે કાર્યવાહી ચલાવવાનો હુકમ કરવામાં આાવેલ હોય સદર આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫)** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.એ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોઈ, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

**૬)** આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–૦ મુદ્દાઓ૦–**

**૧...** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે," આ કામના ફરીયાદી અને સાહેદ સરકારી નોકર હોય અને તેઓ ભારત સંચાર નિગમ લીમીટેડના થરાદ રાજગઢમાં લગાવેલ મોબાઈલ ટાવર રીપેરીંગ કરતા

હતા તે વખતે આ કામના તહોમતદાર આવી ગાળા બોલવા લાગી સાહેદ મયુર દરજી તથા ફરીયાદીને ઝરડા વડે મારી સરકારી કામમાં રૂકાવટ કરી ઈ.પી.કો.ની કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૨...** શું હુકમ ?

૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

૮) ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**<u>–0 કારણો 0–</u>**

**<u>મુદ્દા નં. ૧:–</u>**

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરૂદ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર રજૂ કરી તે મુજબનો ગુનો શંકા રહીત પુરવાર કરવો જોઈએ.આરોપી તર્ફે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવું જોઈએ અને જો કોઈ પોતાનો વિશેષ બચાવ હોય તો તે મુજબનો તેમનો બચાવ રજૂ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદ પક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં, પરંતુ સૌ પ્રથમ ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂદ્ધ શંકા રહીતનો પુરાવો રજૂ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

૦૯) ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ

સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્વારા પુરવાર થવી મહત્વની અને જરૂરી છે.

**૧૦)** ફરીયાદ પક્ષ તરફે આંક–૦૬ થી ફરિયાદી કેતનકુમાર બાબુલાલ પરમાર ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," બનાવ તા.૨૨.૧૦.૨૦૨૨ ના રોજ બનેલો. બનાવ સમયે હું ભારત સંચાર નિગમ લીમીટેડ ભારત સરકાર પાલનપુર ખાતે સબ ડીવીઝનલ એન્જીનીયર તરીકે ફરજ બજાવતો હતો. તા.૨૧.૧૦.૨૦૨૨ ના રોજ અમારા ડી.જી.એમ.શ્રી તથા એ.જી.એમ.શ્રી પાલનપુરનાઓએ મને મૌખિક જાણ કરેલી કે,થરાદ રાજગઢી બી.એસ.એન.એલ. ટાવર બંધ હાલતમાં છે જે ચાલુ કરવા માટે તમો જાવો. જેથી અમો તા.૨૨.૧૦.૨૦૨૨ ના રોજ હું તથા મારી સાથે એ.ટી.ટી. તરીકે નોકરી કરતાં દિનેશ કુહાડીયા તથા નોકીયા કંપનીના એન્જીનીયર મયુર દરજી તથા સત્યપ્રકાશ પાલ તથા ગાડીના ડ્રાઈવર કનુજી ઠાકોર વાળાઓ પાલનપુરથી નિકળી થરાદ આવેલાં અને બપોરના ૧૨ વાગ્યાના આસપાસ થરાદ રાજગઢીમાં બી.એસ.એન.એલ. ટાવર લાગેલ હોય ત્યાં રીપેર કરવા પહોચેલાં અને ત્યાં ગયા પછી અમારા ટેકનીકલ મશીનરીની જરૂર હોય અમો થરાદ ટેલીફોન એક્ષચેન્જ ગયેલાં અને ત્યાથી અમો ટેકનીકલ મશીનરી લઈ સાંજે ૪ વાગ્યે રાજગઢી પહોચેલાં. ત્યારબાદ ટાવર ઉપર સત્યપ્રકાશ મશીનરી ફીટ કરતાં હતાં તે વખતે આશરે પાંચ વાગ્યાની આસપાસ આશરે ત્રણ બાઈકો ઉપર છ વ્યક્તિઓ આવેલાં અને આ વખતે તે માના એક વ્યક્તિ અનુરુદ્ધસિંહ દરબારે ઝરડું ઉપાડી અમોને કહેવા લાગેલ કે, તમારામાં મેઈન સાહેબ કોણ છે. આ વખતે અમારી સાથેના મયુર દરજીએ રોકવાની કોશીસ કરેલી અને તે ઉશ્કેરાઈ હોવાથી રોકાયેલ નહિ અને કંપનીના વિરુદ્ધમાં ગાળો બોલેલી અને આ ઈસમે મયુર દરજીને પીઠ પાછળ ઝરડું મારેલ હતું અને મેઈન સાહેબ કોણ છે તેવું પુછતાં મયુર દરજીએ મારી સામે ઈસારો કરેલો જેથી તે વ્યક્તિ દોડતાં–દોડતાં મારી પાછળ પડેલો અને મને નજીક આવી માથાના ભાગે અને પીઠ પાછળ ઝરડું મારી ઈજા પહોચાડેલી. અમો સરકારી ટાવર રીપેટ કરવા આવેલ હોય અને અમો સરકારી ડ્યુટીમાં હોઈ જેથી હું સ્વ–બચાવ માટે દુર ભાગી ગયેલો.

આ વખતે અમારી સાથેના દિનેશ કુહાડીએ પાછળ જઈ તેને પકડવાની કોશીસ કરેલી પરંતુ તે ઈસમ રીક્ષામાં બેસીને જતો રહેલો. ત્યારબાદ પછી સ્થાનિક માણસ પાસેથી પોલીસનો નંબર લીધેલો અને પોલીસને અમોએ જાણ કરેલી અને પોલીસ સ્થળ ઉપર આવેલી. ત્યારબાદ ૧૫ મીનીટ પછી આ છ વ્યક્તિઓ મોઢે રુમાલ બાંધી બાઈક ઉપર નિકળેલાં. જે વ્યક્તિએ હુમલ કરલો તેનું નામ અનુરુદ્ધસિંહ હડમતસિંહ વાઘેલાં હતું તેવું જાણવા મળેલું. ત્યારબાદ અમો પોલીસ સ્ટેશન ગયેલાં અને મે ત્યાં જાણવા જોગ ફરીયાદ આપેલી. ત્યારબાદ મને ઈજાઓ થયેલ હોય હું પાલનપુર ખાતે બનાસ હોસ્પિટલ ખાતે સારવાર માટે ગયેલો અને સારવાર કરાવેલી. આ બનાવની વાત મે મારા ડી.જી.એમ., એ.જી.એમ. ને ટેલીફોનથી કરેલી. જેથી તેઓએ બનાવની ફરીયાદ કરવાનું કહેતાં મે મારી ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૦૭ આપવામાં આવે છે. મે પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરીયાદ આપેલી તેની ઝેરોક્ષ નકલ મને બતાવવામાં આવે છે તેમાં મારી તથા સાથેના માણસોની સહી છે જેને માર્ક–૬/૧ આપવામાં આવે છે. આરોપીને હું ઓળખું છું જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તેજ છે.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે, હું ભણેલો–ગણેલો વ્યક્તિ છું. બનાવના દિવસે અમો પાલનપુરથી સવારના ૯ વાગ્યે નિકળેલાં અને ૧૨ વાગ્યાની આસપાસ થરાદ પહોચેલાં. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં અમો કયા વાહનમાં પાલનપુરથી થરાદ આવેલાં તેનું વર્ણન લખાવેલ નથી. એ વાત ખરી છે કે, અમારી કોઈ જગ્યાએ સરકારી કામ માટે વીઝીટ કરવાની હોય તો તેની વાહનની લોગબુક રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે, આવી કોઈ લોગબુક ફરીયાદ સાથે રજુ કરેલ નથી. હું બનાસકાંઠામાં પાલનપુર મુકામે સને–૨૦૧૮ થી ફરજ બજાવું છું. એ વાત ખરી છે કે, ફરીયાદ સાથે મે મારા ફરજના આઈકાર્ડની નકલ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ જે બી.એસ.એન.એલ.નો ટાવર લગાવેલ છે તે જગ્યા ખાનગી માલિકીની હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બી.એસ.એન.એલ.ને ભાડાથી આપવામાં આવેલ હતી. એ વાત ખરી નથી કે, બનાવવાળી

જગ્યાની આજુબાજુ ઘણો ઘરો આવેલાં છે ત્યાં માણસો રહે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની નજીકમાં એક મંદિર અને મસ્જિદ આવેલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમારું કામ ચાલતું હતું ત્યારે કોઈ માણસોની અવર–જવર ન હતી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની નજીકમાં જાહેર રોડ આવેલો છે. એ વાત ખરી નથી કે, આ રોડ ઉપર બનાવ સમયે વાહનો અને માણસોની અવર–જવર ચાલુ હતી. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં જે ત્રણ બાઈકો અને રીક્ષાનો ઉલ્લેખ કરેલ છે તેના રજીસ્ટેશન નંબરોની વિગતો જણાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે, મારી સાથેના કર્મચારી મયુર દરજીએ ઈજા અંગે સારવાર લીધેલી કે કેમ?. અમો બનાવવાળી જગ્યાથી સાંજે છ વાગ્યે નિકળેલાં. એ વાત ખરી છે કે, જે ઈસમનો ફોટો મારા મોબાઈલમાં પાડેલો તેની પ્રિન્ટ મે ફરીયાદ સાથે પોલીસને આપેલ નહિ. એ વાત ખરી છે કે, થરાદ મુકામે પોલીસ સ્ટેશન અને સિવીલ હોસ્પિટલ બંને આવેલાં છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન ૧ કિ.મી.ના અંતરે અને સીવીલ હોસ્પિટલ દોઢ કિ.મી.ના અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે, મે થરાદ સિવીલ હોસ્પિટલ ખાતે કોઈ સારવાર લીધેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા ઉપરી અધિકારીને કયા ફોન ઉપર થી કયા ફોન નંબર ઉપર જાણ કરેલી તેની વિગત જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમારી કચેરીમાં ઓનલાઈન હાજરી પત્રક નિભાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે, બનાવ સમયે હું ઓનડ્યુટી ન હતો. મે પાલનપુર મુકામે સારવાર કરાવતાં પહેલાં પાલનપુરના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ નહિ. એ વાતની મને ખબર નથી કે, પાલનપુરના ડોક્ટરે બનાવની જાણ પોલીસને કરેલી કે કેમ?. એ વાત ખરી છે કે, મારે મારા સહકર્મીઓ સાથે સારા સંબંધો છે. એ વાત ખરી નથી કે, હું હોસ્પિટલમાં પહોચ્યો તે પહેલાં સંપૂર્ણ સ્વસ્થ હતો. એ વાત ખરી નથી કે, હું બનાવના દિવસે હોસ્પિટલમાં ગયેલ નથી. એ વાત ખરી છે કે, ધોકા અને ઝરડામાં ફેર હોય છે. એ વાત ખરી છે કે, મે મારી ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીમાં મને ધોકા વડે ઈજા કરેલી તેવું લખેલું છે.. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મે તો ડોક્ટરને ઝરડાથી જ માર મારેલ છે તેવું જણાવેલ છે. એ વાત ખરી છે કે, મે ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીમાં મે આરોપીનું નામ લખાવેલ નથી. એ વાત ખરી

છે કે, બી.એસ.એન.એલ.ની ઓફિસ થરાદ મુકામે પણ આવેલી છે. એ વાત ખરી છે કે, બનાવ સ્થળે રીપેરીંગ અંગેની જાણ મે થરાદ બી.એસ.એન.એલ. ઓફિસે કરેલી નથી. એ વાત ખરી નથી કે, અમારે પાલનપુરથી કોઈપણ જગ્યાએ કંપનીનું રીપેરીંગ કામ કરવા જવું હોય તો હંમેશા લેખીત આદેશ જોઈએ છે. એ વાત ખરી છે કે, કંપનીના કામ દરમિયાન અણબનાવ અંગેની જાણ ઉપરી અધિકારીને લેખીતમાં કરવાની હોય છે. એ વાત ખરી છે કે, મારા ઉપરી અધિકારી તરફથી ફરીયાદ આપવા બાબતે મને લેખીતમાં પરવાનગી આપવામાં આવેલ નથી. એ વાતની મને ખબર નથી કે, આ કામના આરોપી અનુરુદ્ધસિંહ બનાવવાળી જગ્યાના માલિકના ભાઈ થાય છે કે કેમ?. એ વાત ખરી છે કે, હાલના સમયમાં ઘણી વખત કંપનીના ડીપ્લીકેટ આઈ.કાર્ડ બનાવી ડમી માણસો આવીને છેંતરપીંડી કરતાં હોવાના બનાવ બનવા પામેલાં છે. એ વાત ખરી નથી કે, મને ટાવર રીપેર કરતાં સમયે ઈજા થયેલી. એ વાત ખરી છે કે, અમો બનાવ સમયે ફરજ ઉપર હાજર હતાં તે અંગેનો પુરાવો પોલીસ સમક્ષ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, હું જણાવું છું તેવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં ૬ વ્યક્તિઓ ત્રણ બાઈકો લઈને આવેલાં તેવું જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદ ૨૦ દીવસ મોડી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કાચી ફરીયાદ તરત જ લખાવેલી હતી. એ વાત ખરી નથી કે, આરોપીએ મને કોઈ ગાળો બોલી માર મારેલ નથી. બનાવના દિવસે અમો પાલનપુર પરત રાત્રીના ૮ થી ૯ વાગ્યાની આસપાસ પહોચેલાં. હું ડોક્ટર પાસે પોણા નવ વાગ્યાની આસપાસ ગયેલો હતો. એ વાત ખરી છે કે, બનાવના દિવસે અમો અમારું ટાવરનું કામ પૂર્ણ કર્યા બાદ ત્યાંથી નિકળેલાં. એ વાત ખરી છે કે, રીપેરીંગ કામ પૂર્ણ થાય તેની જાણ મારા ઉપરી અધિકારી કરવાની હોય છે. એ વાત ખરી નથી કે, હું જણાવું છું તેવો કોઈ બનાવ બનવા પામેલ નથી તેમ છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું."

**૧૧)** ફરીયાદ પક્ષ તરફે આંક–૦૯ થી સાહેદ દિનેશભાઈ ચંદુભાઈ કુવારીયા ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," હું આજથી ૨૦ વરસથી બી.એસ.એન.કંપનીમાં આસી.ટેલીકોમ ટેકનીસીયલ(લાઇયમેન) તરીકે

નોકરી કરું છું. બનાવ સને–૨૦૨૨ માં બનેલો. બનાવના દિવસે પાલનપુરથી સવારના ૧૦ વાગ્યે થરાદ રાજગઢી બી.એસ.એન.એલ. ટાવરનું રીપેરીંગનું કામ કરવા માટે આવેલાં. હું અને મારા ઓફિસર કેતનભાઈ પરમાર, મયુરભાઈ દરજી નાઓ સરકારી ગાડીમાં આવેલાં અને આ ગાડી ડ્રાઈવર ઠાકોરભાઈ ચલાવતાં હતાં. ટાવરનું કામ સત્યપ્રકાર રીગર ટાવરની ઉપર કામ કરી રહેલ હતાં અને હું અને અમારા મેનેજર નીચે ઉભેલ હતાં. તે વખતે એક ભાઈ રીક્ષામાં આવેલાં અને અમારા સાહેબને કહેલ કે, તમારા ઓફિસર કોણ છે તેમ કહી મયુરભાઈને માથામાં સોટી મારેલ. આ વખતે મયુરભાઈએ કહેલ કે, અમારા ઓફિસર આ ઉભા એ છે. જેથી તેમને પણ માથાના ભાગે કાંટાવાળું ઝેરડુ મારેલું. ત્યારબાદ તેઓ નિકળી ગયેલાં. ત્યારબાદ અમો અમારું કામ પતાવી પાલનપુર જવા માટે રવાના થયેલાં. ત્યારબાદ ડી.જી.એમ.ને આ બનાવની વાત કરેલી અને અમારા ઓફિસર કેતનભાઈ પરમારનાઓએ બનાવ બાબતની ફરીયાદ આપેલી. બનાવને બે વરસ થઈ ગયેલ હોય જેથી હું તેને થોડો–થોડો જોયેથી ઓળખું છું. આજરોજ કોર્ટમાં ઉભેલ વ્યક્તિને ધ્યાનથી જોતાં તેજ વ્યકિતએ અમારા સ્ટાફના માણસો અને ઓફિસર જોડે મારકુટ કરેલી. પોલીસે મારો જવાબ લીધેલ.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, હું ભણેલો–ગણેલો વ્યક્તિ છું. બનાવના દિવસે અમો પાલનપુરથી સવારના ૧૦ વાગ્યે નિકળેલાં અને થરાદ ૧૧.૩૦ થી ૧૨.૦૦ ની વચ્ચે પહોચેલાં. એ વાત ખરી છે કે, પાલનપુરથી જે વાહનમાં નિકળેલાં તે વાહનનું વર્ણન કે નંબર મે પોલીસને લખાવેલ નથી. એ વાત ખરી છે કે, જ્યારે અમારે સરકારી વીઝીટ કે સરકારી કામ અર્થે નિકળવાનું થાય ત્યારે કચેરીમાં અમારે નોંધ કરવાની હોય છે. એ વાત ખરી છે કે, અમો બી.એસ.એન.એલ.માં નોકરી કરતો હોવાનો કોઈ પુરાવો પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ ખાનગી માલિકીની મિલ્કત છે. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાએ આવતાં પહેલાં અમોએ આ જગ્યાના માલિકને કોઈ લેખીત કે મૌખિક જાણ કરેલ નથી. આ જાણ અમારા અધિકારીએ કરેલી હતી. એ વાત ખરી છે કે, મારા રૂબરૂમાં આવી કોઈ જાણ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ

ઘણાબધા ઘરો આવેલાં છે અને ત્યાં લોકો કુટુંબ સાથે રહે છે. એ વાત ખરી છે કે, આરોપી બનાવ વખતે જે રીક્ષામાં આવેલો તે રીક્ષાનું વર્ણન કે નંબર મારા પોલીસ રૂબરૂના જવાબમાં લખાવેલ નથી. બનાવવાળી જગ્યાએથી અમો બપોરના ૨ થી ૨.૩૦ વાગ્યાની આસપાસ પાલનપુર જવા રવાના થયેલાં. એ વાત ખરી છે કે, અમારી કચેરીમાં હાજરીનું રજીસ્ટર નિભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, ફરીયાદી અને સાહેદો મારા સહ કર્મચારીઓ છે. એ ત ખરી છે કે, બી.એસ.એન.એલ.ની ઓફિસ થરાદ મુકામે પણ આવેલી છે. એ વાત ખરી છે કે, અમારી પાલનપુર કચેરીથી થરાદની કચેરીમાં બનાવવાળી જગ્યાએ જે કામગીરી કરવાની હતી તેની કોઈ જાણ કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, બનાવના દિવસની કામગીરી અંગે મારા ઉપરી અધિકરી તરફથી કોઈ લેખીતમાં સુચના આપવામાં આવેલી નહિ. એ વાતની મને ખબર નથી કે, હાલના આરોપીએ બનાવવાળી જગ્યાની માલીકના ભાઈ છે કે કેમ?. એ વાત ખરી નથી કે, આરોપીએ અમારી પુછપરછ કરેલી અને મારી પાસે આઈ.કાર્ડ માગેલું. એ વાત ખરી છે કે, બનાવના દિવસે અમો ટાવરનું કામ પૂર્ણ કરીને નિકળેલાં. એ વાત ખરી છે કે, આરોપીનો ફોટો મોબાઈલમાં કોણે બતાવેલો તે હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે, હાલના આરોપીની ઓળખ અંગે ફરીયાદ દ્વારા મને જાણ થયેલી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ મારા એ.જી.એમ. અને ડી.જી.એમ.ને ક્યારે અને કેટલા સમયે જાણ કરેલી તેની મને જાણ નથી. એ વાત ખરી નથી કે, બનાવના દિવસે હું ઓન.ડ્યુડી ન હતો. એ વાત ખરી નથી કે, બનાવવાળી હકિકતો મને ફરીયાદી દ્વારા જાણવા મળેલી. એ વાત ખરી છે કે, આરોપીએ મને કોઈ ગાળો બોલેલ નથી કે, માર મારેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના ફરીયાદી મારા સહકર્મચારી હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

**૧૨)** ફરીયાદ પક્ષ તરફે આંક–૧૦ થી સાહેદ મયુરભાઈ કિર્તીભાઈ દરજી ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," હું બનાવ દરમ્યાન પાલનપુર બી.એસ.એન.એલ કચેરીમા નોકીયા એન્જીનીયર તરીકે ફરજ બજાવતો હતો.બનાવ ના દીવસ

` અમો સવારના પાલનપુરથી થરાદ માટે નીકળેલ હતા અને થરાદમા રાજગઢી મા બી.એસ.એન.એલ નુ ટાવર આવેલ છે ત્યા રીપેરીંગ નુ કામ કરવા માટે આવેલા.જેમા અમો તથા દીનેશભાઈ કુવારીયા , કાનજીભાઈ ડ્રાઈવર તથા કેતનભાઈ પરમાર તેમજ બીજા બે કર્મચારીઓ સાથે અમો ત્યા આવેલા.અને તે વખતે ટાવર ઉપર અમદાવાદ થી આવેલા જેનુ નામ હાલ યાદ નથી પરંતુ શ્યામપાલ જેવુ નામ હતુ તે ટાવર ઉપર ચડી ને કામ કરતા હતા.અને હુ નીચે ટાવર પાસે લેપટોપથી મારી કામગીરી કરતો હતો.અને તે વખતે સામેથી એક અજાણયો વ્યકિત ચાલતો આવેલો અને સામે એક રીક્ષા ઉભેલી હતી. અને આ વ્યકિતએ આવીને મને ગાળો બોલેલી અને કહેલ કે તમારો સાહેબ કોણ છે?. અને તેના હાથમા રહેલ બાવળ નુ કાટાવાળુ ઝેરડુ વડે પાછળના ભાગે મારેલુ તેના કારણે મારી મોબાઈલ ની ડીસ્પલે ટુટી ગયેલી. અને પછી કહેલ કે તમારા મેન સાહેબ કોણ છે . અને મારા સાહેબ ગાડી આગળ ઉભેલા તેમને મે બતાવેલ .અને આરોપી અનીરુધ્ધસિંહે મારા સાહેબને જઈને આ કાટાવાળુ ઝેરડુ માથાના ભાગે અને પાછળ ના ભાગે મારેલુ .અને પછી હાલના આરોપી અનીરુધ્ધસીંહ રીક્ષા પાસે ગયેલા અને જતા રહેલા . અને ત્યાથી નીકળી અમો થરાદ પો.સ્ટે આવેલા. અને આ બનાવની ફરીયાદ કેતનભાઈ પરમાર અમારા સાહેબે આપેલી .ફરીયાદ આપ્યા પછી અમને પોલીસે ફરી પોલીસ સ્ટેશનમા બોલાવેલ .આજરોજ નામ.કોર્ટ મા આરોપી તરીકે જે હાજર છે તેજ વ્યકિત કાટાવાળુ ઝેરડુ લઈને મારી તેમજ મારા સાહેબ સાથે મારકુટ કરેલી તેજ છે. પોલીસે બનાવ બાબતે મારો જવાબ લીધેલ .અને આ બનાવ ની વાત મારા સાહેબે ઉપરી અધીકારી ને કરેલ .

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' પાલનપુર થી અમો બનાવ ના દીવસે સવાર ના ૧૦ વાગે નીકળેલા

અને થરાદ મુકામે સાડા અગીયાર અને બાર વાગે પહોચેલા.પાલનપુર થી અમો બોલેરો ગાડીમા નીકળેલ .એ વાત ખરી છે કે આ બોલેરો ગાડીનુ વર્ણન કે નંબર મે મારા પોલીસ જવાબ મા લખાવેલ નથી.એ વાત ખરીછે કે સરકારી વાહન જો કચેરી ના કામ અર્થે લઈ જવાનુ થાય તે અંગેની નોધ અમારી કચેરી મા કરવાની રહે છે .એ વાત ખરી છે કે મે બી.એસ. એન. એલ મા નોકરી કરતા હોવાનો કોઈ પુરાવો પોલીસ ને આપેલ નહી.એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા એ ખાનગી માલીકી ની મીલકત હતી.એ વાત ખરી છે કે મારી રૂબરુ મા ખાનગી મીલકત ના માલીક ને કામગીરી બાબતની મારા અધીકારી એ કોઈ જાણ કરેલ નહી.એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાની આજુબાજુ ઘણાબધા ઘરો આવેલા છે અને ત્યા કુટુંબ સાથે લોકો રહે છે.એ વાત ખરી છે કે અમોએ કોઈ સારવાર કરાવેલ નહી.એ વાત ખરી છે કે બનાવ ના દીવંસે અમો રીપેરીંગ કામ પુર્ણ કરી ને નીકળેલા . એ વાત ખરી છે કે અમારી કચેરી એ હાજરી નુ રજીસ્ટર નીભાવવામા આવે છે. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી અને સાહેદો એ મારા સહ કર્મચારી ઓ છે .એ વાત ની મને ખબર નથી કે હાલના આરોપી બનાવવાળી જગ્યા ના માલીક ના ભાઈ થાય છે કે કેમ?.એ વાત ખરી નથી કે આ કામના આરોપી એ બનાવ નાદીવસે મારી પાસે આઈકાર્ડ માગી મારી પુછપરછ કરેલી .એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરુ ના જવાબ મા મને પાછળ મારેલ અને મારો મોબાઈલ ટુટેલ તેવી હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે પીઠ કોને કહેવાય તેની મને ખબર છે.એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરુ ના જવાબ મા એવુ લખાવેલ નથી કે અમો બનાવવાળી જગ્યાએથી નીકળી થરાદ પો.સ્ટે આવેલા.એ વાત ખરી નથી કે આરોપી ની ઓળખ મને ફરીયાદી દ્રારા થયેલી.એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી

એટલે મારા અધીકારીએ ડી.જી.એમ અને એ.જી.એમ ને ચોકકસ કયારે વાત કરેલી તેની મને જાત માહીતી નથી .એ વાત ખરી નથી કે આરોપી એ મને કોઈ ગાળો બોલેલ નથી કે માર મારેલ નથી .એ વાત ખરી નથીકે આરોપી દ્રારા કોઈ માર મારવામા આવેલ ન હોઈ જેથી મે કોઈ સારવાર લીધેલ નથી.એ વાત ખરી નથી કે કહેવાતા બનાવ ના દીવસે હુ બનાવ વાળી જગ્યાએ હાજર ન હતો. એ વાત ખરી નથીકે હુ બનાવ વાળી જગ્યાએ હાજર ન હોવાથી મને સહ કર્મચારીઓના નામ યાદ નથી.એ વાત ખરી નથી કે આંવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા આ કામના ફરીયાદી મારા અધીકારી હોઈ જેથી તેમના સમર્થન મા ખોટી જુબાની આપુ છુ . એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરુ ના જવાબ મા આરોપી ચોકકસ શુ ગાળો બોલેલી તે વીગત જણાવેલ નથી.

**૧૩)** ફરીયાદ પક્ષ તરફે આંક–૧૩ થી સાહેદ કનુજી રણજી ઠાકોર ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," બનાવ આશરે એકાદ વરસ પહેલાં બનેલો. બનાવ વખતે હું ઈકો ગાડી ચલાવતો હતો અને મારી ગાડી બી.એસ.એન.એલ.ઓફિસમાં માસિક પગારથી બાંધેલ હતી. બનાવ કઈ તારીખે બનેલો તેની મને ખબર નથી. બનાવ વખતે અમો ડીસા મુકામેથી થરાદ મુકામે બપોર ૧૧ થી ૧૨ વાગ્યે આવેલાં. અમારી ગાડીમાં બી.એસ.એન.એલ.માં ફરજ બજાવતાં કેતનભાઈ અને બીજા અન્ય કર્મચારીઓ હતાં. થરાદમાં બી.એસ.એન.એલ. ટાવર આવેલ છે તે જગ્યાએ ટાવરનું રીપેરીંગ કામ કરવા આવેલાં. તે વખતે હું ગાડીમાં સુતો હતો. તે વખતે શું–બનાવ બનેલો તેની મને ખબર નથી. પરંતુ ત્યારબાદ કેતનભાઈ વિગેરે પરત આવતાં મને બનાવની જાણ કરેલી કે, બનાવમાં એક વ્યકિત દારૂ પીને આવેલ અને ગાળો બોલી માર મારેલ છે. ત્યારબાદ ગાડી લઈને પોલીસ સ્ટેશન આવેલાં. ત્યારબાદ બનાવની ફરીયાદ

આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ? તે હાલ મને યાદ નથી.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી અને બનાવની મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, આરોપીને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા ચોક્કસ મને યાદ નથી.

**૧૪)** ફરીયાદ પક્ષ તરફે આંક–૧૭ થી પંચસાહેદ ગીરીશભાઈ જગાભાઈ માજીરાણા ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," પોલીસે આજથી બે વરસ પહેલાં એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં મે મારી સહી કરાવેલી. પંચનામામાં શુ લખેલું તેની મને ખબર નથી. મને પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવે છે. આ સિવાય બીજું કઈ જાણતો નથી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી. દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં કોઇ ફળદાયક હકીકત જણાવેલ નથી. જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

**૧૫)** ફરીયાદ પક્ષ તરફે આંક–૧૯ થી પંચસાહેદ સંજયકુમાર રમેશભાઈ માજીરાણા ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," પોલીસે આજથી બે વરસ પહેલાં એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં મે મારી સહી કરાવેલી. પંચનામામાં શુ લખેલું તેની મને ખબર નથી. મને આંક–૧૮ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. આ સિવાય બીજું કઈ જાણતો નથી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી. દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં કોઇ ફળદાયક હકીકત જણાવેલ નથી. જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

**૧૬)** ફરીયાદ પક્ષ તરફે આંક–૨૩ થી ડૉ વસંતભાઈ સગથાભાઈ ચૌધરી ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," તા.૨૨.૧૦.૨૦૨૨ ના રોજ હું પાલનપુર હોસ્પિટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન સાંજના ૮–૪૪ વાગ્યે મારી પાસે કેતનકુમાર બાબુલાલ પરમાર ઉ.વ.૩૭, રહે.પાલનપુરવાળાને તેમને થયેલ ઈજાઓની સારવાર માટે મારી પાસે લાવવામાં આવેલાં. મે તેઓને હિસ્ટ્રીમાં જણાવેલ કે, થરાદ ખાતે ચાર લોકો દ્વારા ૪–૫ વાગ્યા આસપાસ ધોકાથી માર મારેલ. તેમના શરીર ઉપર નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી.

ઈજા નં.૧–આશરે 3x3 સે.મી.નો છોલાયેલો ઘા અને ૦.૫x૦.૫ સે.મી. નો ઘસરકો માથાના ઉપરના ભાગે.

તેમને કોઈ ફ્રેક્ચર ન હતું આ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને કોઈ આડઅસર ન આવે તો સાત થી ૧૦ દિવસમાં સાજી થઈ જાય તેવી હતી. આ ઈજાઓ સામાન્ય હતી. અને તે મતલબનું મે સર્ટીફીકેટ આપેલું. મને સર્ટીફીકેટ બતાવવામાં આવે છે તેમાં મારી સહી અને મારા હોદ્દાનો સિક્કો છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૨૪ આપવામાં આવે છે.

**(૧૭)** ફરીયાદ પક્ષ તરફે આંક–૨૫ થી ત.ક.અ.શ્રી હિતેષકુમાર દાદુભાઈ વાઢેર ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," ગઈ તા.૦૯.૧૦.૨૦૨૨ ના રોજ હું થરાદ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે મારી ફરજ ઉપર હાજર હતો. તે દરમિયાન પી.એસ.ઓ. લત્તાબેન શ્રીકીશનનાઓએ થરાદ પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૫૦૫૦૨૨૦૮૨૦/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૬(૨) મુજબની ફરીયાદ લખી આગળની તપાસ મને સોંપતા મે તપાસ સંભાળી લીધેલી. મે તપાસ સંભાળી લીધા બાદ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું. મને આંક–૧૮ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તેમાં રૂબરૂમાં મારી સહી છે અને મારી રૂબરૂમાં બે પંચોએ સહીઓ કરેલી છે. ત્યારબાદ લાગેતાં વળતગા સાહેદોનાના નિવેદનો લીધેલાં.

ત્યારબાદ આરોપીઓને અટક કરી નામ.કોર્ટમાં મોકલી આપેલ. ત્યારબાદ આ કામે ઈજાપામનારનું મેડીકલ સર્ટી મેળવી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોઈ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીને હું ઓળખું છું જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**૧૮)** સદર કામે ફરીયાદીએ તેમની આંક–૦૬ ની જુબાનીથી સરતપાસમાં ફરીયાદી મુજબની હકિકત જણાવે છે જ્યારે તેઓ તેમની ઉલટ તપાસમાં એવું સ્વીકારે છે કે અમારે કોઈ જગ્યાએ સરકારી કામે વીઝીટ કરવાની હોય તો વાહનની લોગબુક રાખવામાં આવે છે પરંતુ આવી કોઈ લોગબુક ફરીયાદ સાથે રજૂ કરેલ નથી તેમજ એ હકીકત સ્વીકારે છે કે, ફરીયાદમાં જે ત્રણ બાઈકો અને રીક્ષાનો ઉલ્લેખ કરેલો છે તેના રજીસ્ટ્રેશન નંબરની વિગતો પણ જણાવેલ નથી તેમજ તેમની સાથે જે કર્મચારી મયુર દરજી તેઓને થયેલ ઈજા બાબતે સારવાર લીધેલ છે કે, કેમ તે હકીકત પણ તેઓ જાણતા નથી તેમજ એ હકીકત પણ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાએથી થરાદ પોલીસ સ્ટેશન એક કિલો મીટરના અંતરે અને થરાદ સિવિલ હોસ્પિટલ દોઢ કિલો મીટરના અંતરે આવેલ છે તેમજ તેઓએ થરાદ સીવીલ હોસ્પિટલ ખાતે કોઈ સારવાર લીધેલ નથી તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, મારી ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીમાં મને ધોકા વડે ઈજા કરેલ તેવું લખેલ છે તેમજ ફરીયાદીએ ડોક્ટર સમક્ષની હીસ્ટ્રીમાં પણ આરોપીનું નામ લખાવેલ નથી તેમજ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેમના ઉપરી અધિકારી તરફથી ફરીયાદ આપવા બાબતે લેખિતમાં પરવાનગી આપવામાં આવેલ નથી તેમજ તે હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓએ હાલની ફરીયાદ ૨૦ દિવસ મોડી આપેલ છે. આમ, સદરહું ફરીયાદીની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે અને ફરીયાદ આંકે પડેલ છે. સદર ફરીયાદીની ફરીયાદ તથા સરતપાસ વંચાણે લેતાં તેઓએ તેમની સરતપાસમાં ઝરડું મારી ઈજા પહોંચાડેલ તેવું જણાવે છે જ્યારે ડોક્ટર રૂબરૂની હીસ્ટ્રીમાં ધોકા વડે માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, હથિયાર બાબતે પણ વિસંગતતા જોવા મળે છે અને આ કામે ત.ક.અ.દ્વારા કોઈ હથીયાર પણ રીકવર કરવામાં આવેલ નથી. તેમજ તેઓને થયેલ ઈજા બાબતે નજીકની સરકારી

હોસ્પિટલમાં પણ કોઈ સારવાર લીધેલ નથી.જેથી સદર ફરીયાદીની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

આંક–૦૯ થી સાહેદ દિનેશભાઈ ચંદુભાઈ કુવારીયા ની જુબાની વંચાણે લેતાં તેઓ તેમની સરપતાસમાં બનાવ બન્યા અંગેની હકિકત જણાવે છે જયારે તેમની ઉલટ તપાસમાં એવી હકિકત સ્વીકારે છે,કે બનાવના દિવસે તેઓ પાલનપુરથી સવારે ૧૦ વાગે નીકળેલા અને થરાદ ૧૧.૩૦ થી ૧૨.૦૦ વાગ્યાની વચ્ચે પહોંચેલા તેમજ તે હકીકત પણ સ્વીકારે છે કે, જ્યારે અમારે સરકારી વીઝીટ કે સરકારી કામ અર્થે નિકળવાનું થાય ત્યારે કચેરીમાં અમારે નોંધ કરવાની હોય છે તેમજ એ હકીકત પણ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા ઘરો આવેલા છે અને ત્યાં લોકો કુટુંબ સાથે રહે છે તેમજ એ હકીકત પણ સ્વીકારે છે કે, આરોપી બનાવ વખતે જે રીક્ષામાં આવેલ તે રીક્ષાનું વર્ણન કે નંબર મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. આમ, સદરહું સાહેદ તેઓની સરતપાસમાં સવારે ૧૦ વાગ્યે બનાવ વાળી જગ્યાએ ટાવરનું રીપેરીંગ કામ કરવા આવેલ હોવાની હકીકત જણાવે છે પરંતુ તેઓની ઉલટતપાસમાં તેઓ થરાદ ખાતે ૧૧.૩૦ થી ૧૨.૦૦ વાગે પહોંચેલા હોવાની હકીકત જણાવે છે જેથી વિરોધાભાષ રેકર્ડ ઉપર આવતો હોય ત્યારે સદરહું સાહેદની જુબાની વિશ્વસનીય જણાતી નથી અને હાલના આરોપીએ આવો કોઈ ગુનો કરેલ છે તેવી હકિકત સદરહું સાહેદની જુબાનીમાંથી ફલીત થતી નથી. આમ, સદરહું સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય છે તેવું કહી શકાય નહિ.

આંક–૧૦ થી સાહેદ મયુર કિર્તીભાઈ દરજી ની જુબાની વંચાણે લેતાં તેઓ તેમની સરપતાસમાં બનાવ બન્યા અંગેની હકિકત જણાવે છે જયારે તેમની ઉલટ તપાસમાં એવી હકિકત સ્વીકારે છે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા ઘરો આવેલા છે અને ત્યાં લોકો કુટુંબ સાથે રહે છે તેમજ એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ કોઈ સારવાર કરાવેલ નથી તેમજ તે હકીકત પણ સ્વીકારે છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદો મારા સહકર્મચારીઓ છે તેમજ એ હકીકત પણ સ્વીકારે છે કે, મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં મને પાછળ મારેલ તથા મારો મોબાઈલ તૂટેલ તેવી હકીકત જણાવેલ નથી. આમ સદરહું સાહેદે તેઓને થયેલી ઈજા બાબતે કોઈ

સારવાર પણ લીધેલ નથી તેમજ તેઓની સરતપાસમાં જણાવેલ હકીકત મુજબ તેઓને પાછળ મારેલ અને મોબાઈલ ટુટેલની હકીકત તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી ત્યારે સદરહું સાહેદની જુબાની વિશ્વસનીય જણાતી નથી અને હાલના આરોપીએ આવો કોઈ ગુનો કરેલ છે તેવી હકિકત સદરહું સાહેદની જુબાનીમાંથી ફલીત થતી નથી. આમ, સદરહું સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય છે તેવું કહી શકાય નહિ.

આંક–૧૩ થી કનુજી રણજી ઠાકોર કે જેઓ હાલના કામે સાહેદ હોય અને તેઓ તેમની સરતપાસમાં એવું જણાવે છે કે, બનાલ કઈ તારીખે બનેલો તેની મને ખબર નથી તેમજ બનાવ વખતે શું બનાવ બનેલો તેની પણ મને ખબર નથી. તેમજ તેઓનો બનાવ બાબતે પોલીસે જબાલ લીધેલો કે કેમ તે પણ તેઓને યાદ નથી. જ્યારે આરોપી તરફેની ઉલટ તપાસમાં સદરહું સાહેદ એ હકિકત સ્વિકારે છે કે, બનાવ મે નજરે જોયેલ નથી અને બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. આમ, સદરહું સાહેદ બનાવના પ્રત્યક્ષ સાહેદ ન હોય જેથી તેમની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય છે તેવું કહી શકાય નહિ.

આંક–૧૭ થી પંચસાહેદ ગીરીશભાઈ જગાભાઈ માજીરાણા તથા આંક– ૧૯ થી પંચસાહેદ સંજયકુમાર રમેશભાઈ માજીરાણા ને ફરીયાદપક્ષે તપાસેલ છે અને તેઓ આંક–૧૮ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેઓએ સહીઓ કરેલ છે તેવું ઓળખી બતાવેલ છે અને ફરીયાદપક્ષ દ્વારા તેમને ફરી ગયેલાં જાહેર કરતાં તેમની ઉલટ તપાસમાં પણ આરોપીઓ વિરુદ્ધની કોઈ હકિકત રેકર્ડ ઉપર આવતી ન હોય, આમ, સદરહું પંચનામામાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવવાથી પંચનામું પુરવાર થયેલ છે તેવું માની શકાય નહિ. આમ, આંક–૧૮ વાળું પંચનામું ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય છે તેમ કહિ શકાય નહિ.

આંક–૨૩ થી ડોક્ટર વસંતભાઈ સગથાભાઈ ચૌધરી ને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં એવી હકિકત જણાવે છે કે, તેમણે ઈજાપામનાર ની સારવાર કરેલ છે તેમજ ઈજા પામનારે તેઓની હીસ્ટ્રીમાં ચાર લોકો દ્વારા ચાર પાંચ વાગ્યાની આસપાસ ધોકાથી માર મારેલ છે તેવું જણાવેલ છે તેમજ આંક–૨૪ વાળા મેડીકલ સર્ટીફીકેટમાં પોતાની સહી તથા

હોદ્દાનો સિક્કો ઓળખી બતાવેલ છે. આમ, ડોક્ટરશ્રીની સમગ્ર જુબાની તથા ફરીયાદીની સરતપાસ વંચાણે લેતાં ફરીયાદીએ તેમની સરતપાસમાં બનાવ વખતે ત્રણ બાઈક ઉપર છ વ્યક્તિઓ આવેલા અને તેમાંના એક વ્યક્તિએ ઝરડું ઉપાડી માર મારવાની હકીકત જણાવેલ છે જ્યારે ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીમાં તેઓને ચાર વ્યક્તિઓ દ્વારા ધોકાથી માર મારેલ હોવાની હકીકત જણાવે છે જેથી વિરોધાભાષ રેકર્ડ ઉપર આવતો હોય ત્યારે સદરહું સાહેદની જુબાની વિશ્વસનીય જણાતી નથી અને હાલના આરોપીએ આવો કોઈ ગુનો કરેલ છે તેવી હકિકત સદરહું સાહેદની જુબાનીમાંથી ફલીત થતી નથી. આમ, સદરહું ડોક્ટર સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય છે તેવું કહી શકાય નહિ.

આંક–૨૫ થી ત.ક.અમલદાર હિતેશકુમાર દાદુભાઈ વાઢેર નાઓને તપાસેલ છે જેઓએ તેમની સરતપાસમાં તેઓએ કરેલ કામગીરીનો સમગ્ર ચીત્તાર રજુ રાખેલ છે. આમ, સદરહું ત.ક.અ.દ્વારા બનાવ સમયે જે ત્રણ બાઈકો ઉપર છ વ્યક્તિઓ આવેલા તે વ્યક્તિઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી તેમજ તેઓની સમગ્ર તપાસમાં કોઈ ફરીયાદી સાથે ના સહ કર્મચારીઓ સિવાય અન્ય કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો પણ લીધેલા નથી. જેથી તેઓની ખામીયુકત તપાસનો લાભ આ કામના આરોપીઓને આપવો જોઈએ તેવું અત્રેની કોર્ટનું માનવું હોય જેથી ત.ક.અમલદારની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય છે તેવું કહી શકાય નહિ.

આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કામના ફરીયાદી અને સાહેદ સરકારી નોકર હોય અને તેઓ ભારત સંચાર નિગમ લીમીટેડના થરાદ રાજગઢમાં લગાવેલ મોબાઈલ ટાવર રીપેરીંગ કરતા હતા તે વખતે આ કામના તહોમતદાર આવી ગાળા બોલવા લાગી સાહેદ મયુર દરજી તથા ફરીયાદીને ઝરડા વડે મારી સરકારી કામમાં રૂકાવટ કરી ગુનો કરેલ હોય અને આ અંગેની ફરીયાદીએ થરાદ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપતા, થરાદ પોલીસ સ્ટેશને ગુ.ર.નં. ૧૧૧૯૫૦૫૦૨૨૦૮૨૦/૨૦૨૨ થી ઈ.પી.કો.ની કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે જેના સમર્થનમાં

નામ.સુપ્રિમકોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

**Ramsingh v/s. State of Uttar Pradesh (2024)**

**Criminal Appeal No. 206 of 2024.**

When the Prosecution could not prove his guilt beyond all reasanable doubt. Any lingering doubt about the involvement of an accused in the crime he is accused of committing must weigh on the mind of the court and in such a situation, The benefit of doubt must be given to the accused.

આમ, હાલના કિસ્સામાં પણ પ્રોસીક્યુશન આરોપીઓ સામેનો ગુનો વ્યાજબી શંકાને પર પુરવાર કરી શકેલ ન હોય ત્યારે તે અંગેનો લાભ આરોપીઓને મળવો જોઇએ તેવું અત્રેની કોર્ટનું માનવું છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

(૧) આ કામના આરોપી અનિરુધ્ધસિંહ હડમતસિંહ વાઘેલા, રહે., થરાદ રાજગઢી, તા.થરાદ વાળાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) ની જોગવાઇ અન્વયે ઈ.પી.કો.ની કલમ-૩૩૨, ૧૮૬, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડ ની કલમ-૪૩૭(એ) મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૭, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩ /૨૦૨૬
થરાદ.

( કુ. અફસાના હુસેનભાઇ મુન્દ્રા)
એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,થરાદ.
GJ-01010